# પાલનપુરમાં હિટ એન્ડ રન : ૬ના મોત

## જુના આરટીઓ સર્કલ પાસે હિટ એન્ડ રનમાં આબુ તરફથી આવી રહેલા કાળમુખા ટેન્કરચાલકે પથી વધુ વાહનોને અડફેટે લેતા અફરાતફરી મચી : ૧૦ ઘાયલ







પાલનપુર, તા.૧૨

પાલનપુરના જુના આર.ટી.ઓ સર્કલ પાસે હોટેલ સવેરા સામે હિટ એન્ડ રનનો બનાવ બન્યો હતો. આબુરોડ તરફથી પૂરઝડપે આવી રહેલ ટેન્કરચાલક બેફામ બનતા અકસ્માત સર્જાયો હતો. ટેન્કરચાલકે ૪ થી ૫ વાહનોને અડફેટે લેતા અફરાતફરી મચી ગઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૬ ના મોત અને ૧૦ જેટલા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ સાંપડ્યા છે.

પાલનપુરના જુના આર.ટી.ઓ સર્કલ પાસે હિટ એન્ડ રનનો અકસ્માત સર્જાયો હતો. જેમાં કાળમુખા બનેલા ટેન્કર ચાલકે ૫ થી વધુ વાહનો સહિત રાહદારીઓને અડફેટે લેતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.

જે અકસ્માતમાં ૬ જેટલા લોકો કાળનો કોળિયો બની ગયા હતા. જયારે ૧૦ જેટલા લોકો ઘાયલ થયા હતા. જેઓને સારવાર અર્થે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ઘાયલોની ગંભીર હાલત જોતા મૃત્યુ આંક વધે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે. અકસ્માતને પગલે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

# કાંતિ અમૃતિયા, નીમાબેનને એક-એક વર્ષની કેદની સજા

## ચૂંટણી આચારસંહિતા ભંગના કેસમાં સજા : પાસના હાલના કન્વીનર મનોજ પનારાને પણ એક વર્ષની સજા

અમદાવાદ,તા. ૧૨

સને ૨૦૦૯માં લોકસભા ચૂંટણી દરમ્યાન મોરબીમાં સનાળા રોડ પર મોર્ડન હોલમાં યોજાયેલા એક ચૂંટણી કાર્યક્રમમાં ભાજપ તરફી મતદાન કરશો તો રોકડ રકમની જાહેરમાં ઓફર કરવાના ચૂંટણી આચારસંહિતના ભંગના ચકચારભર્યા કેસમાં મોરબી ડિસ્ટ્રીક્ટ કોર્ટના ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ જે.જી.દામોદરાએ મોરબી,માળિયા બેઠકના તત્કાલીન ધારાસભ્ય કાંતિ અમૃતીયા, અંજારના તત્કાલીન ધારાસભ્ય નીમાબહેન આચાર્ય અને હાલના પાસના કન્વીનર મનોજ પનારાને એક-એક વર્ષની સખત કેદની સજા અને રૂ.૧૦૦-૧૦૦ નો દંડ ફટકારતો મહત્વનો ચુકાદો જાહેર કર્યો હતો. જો કે, સજા બાદ આરોપીપક્ષ તરફથી ઉપલી અદાલતમાં અપીલ કરવા માટે મહેતલની માંગણી કરવામાં આવતાં કોર્ટે તમામને ૩૦ દિવસના જામીન આપ્યા હતા. જો કે, મોરબી કોર્ટના સજાના આજના ચુકાદાને પગલે ગુજરાતના રાજકારણમાં બહુ જોરદાર ચકચાર મચી ગઇ હતી. રાજનેતાઓને સબક સમાન સજા કરવાના નીચલી કોર્ટના ચુકાદાની ચોતરફ સરાહના થતી જોવા મળી હતી. તો બીજીબાજુ, રાજકીય પક્ષો અને ખાસ કરીને નેતાઓમાં ફફડાટની લાગણી પ્રસરેલી જોવા મળી હતી.

ચકચારભર્યા એવા આ કેસની વિગતો એવી છે કે, ૨૦૦૯ની લોકસભા ચૂંટણી દરમ્યાન તા.૧૮-૩-૨૦૦૯ના રોજ મોરબીમાં સનાળા રોડ પર મોર્ડન હોલમાં તત્કાલીન યુવા ભાજપ પ્રમુખ મનોજ પનારાએ નૂતન મતદાર સમારોહનું આયોજન કર્યુ હતું. જેમાં મોરબી,માળિયા બેઠકના તત્કાલીન ધારાસભ્ય કાંતિલાલ શિવલાલ અમૃતીયા, અંજારના તત્કાલીન ધારાસભ્ય નીમાબહેન આચાર્ય પણ હાજર હતા.

ચૂંટણી પ્રચાર દરમ્યાન એ વખતે આચારસંહિતા લાગુ હતી અને એ વખતે કાંતિ અમૃતીયાએ જાહેર કર્યુ હતું કે, મોરબીમાં જે વિસ્તારમાં ભાજપને વધુ મત મળશે ત્યાં દોઢ લાખ રૂપિયાનું ઈનામ અપાશે. એ પછી ભુજની અંજાર બેઠકના તત્કાલીન ધારાસભ્ય નીમાબહેન આચાર્યએ પણ ઉત્સાહમાં આવી જઇને જો ભાજપ તરફી મતદાન થશે તો, પાંચ લાખ રૂપિયા સંસદસભ્યની ગ્રાન્ટમાંથી આપશે તેવી જાહેરાત કરી હતી. ચૂંટણી આચારસંહિતનો ભંગ કરી જાહેરમાં રોકડ રકમ આપવાની ઓફર અને લાલચ આપવાના પ્રકરણમાં તત્કાલીન મદદનીશ ચૂંટણી અધિકારી એ.જે.પટેલે ઉપરોકત આરોપીઓ વિરૂધ્ધ આચારસંહિતા ભંગની ફરિયાદ દાખલ કરી હતી.



અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના રમોસ ગામની સીમમાંથી પસાર થતા મોડાસા તાલુકાના કિશોરપુરા ગામના ૬૩ વર્ષીય ખેડૂતને અડફેટે લેતા કારની ટક્કરે ઈજાગ્રસ્ત ખેડૂતને સારવાર અર્થે દવાખાને ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા કિશોરપુરા ગામમાં શોકની લાગણી ફેલાઈ હતી. ઈકો કારનો ચાલક કાર ઘટનાસ્થળે મૂકી ફરાર થઈ જતા અકસ્માતના સ્થળે ધસી આવેલી પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ફરાર કાર ચાલકને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# આર ટી ઓ કચેરી ખાલીખમ અધિકારીઓ રજા પર હોવાથી અરજદારો મુંઝાયા


ગાંધીનગર તા ૧૨

ગાંધીનગરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરી હાઈટેક અને પેપરલેસ હોવાની સુફિયાણી વાતો વચ્ચે અરજદારોએ છાશવારે મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે.આર ટી ઓ કચેરીમાં અવારનવાર સર્વર ડાઉન થતા અરજદારોના કામ અટવાય છે. જયારે ટેકનોલોજીના ઉપયોગની વાતો વચ્ચે મેન પાવરના અભાવથી કચેરીની વહીવટી પ્રક્રીયા પણ પ્રભાવિત થઈ છે. આજે પણ આર ટી ઓ કચેરી ખાલીખમ જોવા મળી હતી. જેના લીધે આર ટી ઓ કચેરીમાં આવતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો.

ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં અવારનવાર અરજદારોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં મેન પાવરના અભાવે આમ નાગરિકોના કામો અટવાય છે. આર ટી ઓ કચેરીમાં ટેકનિકલ ખામી સર્જાતા અરજદારોએ ધક્કે ચઢવાનો વારો આવે છે. આર ટી ઓ કચેરીમાં લાઈસન્સ, વાહન નોંધણી સહીતના કામકાજ અટવાઈ જાય છે. આર ટી ઓ કચેરીમાં છેલ્લા ઘણાં સમયથી મંજુર મહેકમ સામે મેન પાવર ન હોવાથી કામગીરી મંદ પડી ગઈ છે. જયારે આર ટી ઓ કચેરીમાં સર્વર ડાઉન થવાના લીધે વારંવાર અરજદારોના કામ અટવાતા હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. આવા સંજોગોમાં હાજર કર્મચારી અને અધિકારીઓ પણ ગેરહાજર રહેતા અરજદારોના કામો અટવાઈ જાય છે આજે પણ ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં મોટાભાગના અધિકારી કર્મચારીઓ ગેરહાજર રહેતા આર ટી ઓ કચેરી ખાલીખમ જોવા મળી હતી. જેના લીધે આર ટી ઓમાં આજે આમ નાગરિકોએ ધક્કે ચઢવાનો વારો આવ્યો હતો. અધિકારીઓ સહીત કેટલાક કર્મચારીઓ પણ રજા પર હોવાથી આર ટી ઓમાં વહીવટી ઠપ્પ થઈ ગયો હતો.







## મોડાસામાં હાર્ડવેરની દુકાનમાં ધાડપાડુઓ ત્રાટક્યા

મોડાસાના રાજેન્દ્રનગર ચોકડી નજીક આવેલા ઉમિયાનગર કંપાની નજીક મોડાસા-હિંમતનગર રોડ પર આવેલી હાર્ડવેર અને ઈલેક્ટ્રિકલ માલ સમાનનું વેચાણ કરતી દુકાનમાં રવિવારે રાત્રીના સુમારે લૂંટારુઓ ત્રાટકી બંધ દુકાનના શટરનો નકુચો તોડી દુકાનમાં રહેલા ૧૮૩૦૦ રોકડા, પેન્ટા તથા એરસેલ કંપનીના ૩૦૦૦૦ રૂપિયાના નળ, ભંગાર કોપર વાયર ૫૦૦૦, લાઈટ ફિટિંગ વાયરના બંડલ ૮૦૦૦,પંખા ૯૦૦૦ તથા મોટર બાંધવાના ૧૮૦૦૦ અને લાઈટની મોટી બેટરી ૩૨૦૦ રૂપિયા મળી કુલ રૂપિયા ૯૧૫૦૦ના મુદ્દામાલની ચોરી કરી લૂંટારુઓ ફરાર થઈ જતા દુકાન મલિક મહેન્દ્રકુમાર રતિલાલ પટેલે (રહે. ઉમિયાનગર કંપા)ની ફરિયાદના આધારે મોડાસા રૂરલ પોલીસે અજાણ્યા ચોર ઈસમો સામે ફરિયાદ નોંધી ચોર લૂંટારુ ગેંગને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ગાંધીનગરના પોલીસ કર્મચારી પરિવારજનો માટે આજથી વિના મુલ્યે આઈ ચેક અપ કેમ્પ

ડાયાબીટીસની તકલીફનુ પ્રમાણ આમ નાગરિકોમાં વધતુ જાય છે. જયારે ડાયાબીટીસના લીધે ૧૦ પૈકી ૨ વ્યકિતઓએ આંખ ગુમાવાનો વારો આવે છે. દેશમાં હાલ ૪ કરોડ જેટલા ડાયાબીટીસના દર્દીઓ હોવાનો અંદાજ છે. જયારે ગુજરાતમાં પણ ડાયાબીટીસના દર્દીઓનુ પ્રમાણ વિશેષ છે. ડાયાબીટીસથી આંખોને થતી તકલીફો આંખની દ્રષ્ટી માટે ઘાતક બને છે. જેને ધ્યાને લઈ સે-૭ સ્થિત તેજ આઇ સેન્ટર દ્વારા ગાંધીનગરના પોલીસ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો માટે નિઃ શુલ્ક ડાયાબીટીસ ચેકઅપ તેમજ આંખની તપાસના કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. આજથી શરૂ થનારા આ કેમ્પ અન્વયે આગામી એક મહીના સુધી ડાયાબીટીસ તેમજ આંખોની વિના મુલ્યે તપાસ કરવામાં આવશે.

સમાજમાં ૧૫ થી ૬૫ વર્ષની ઉંમર ધરાવતા ૨૫ ટકા નાગરિકો ડાયબિટીસનો ભોગ બન્યા છે. જયારે બેઠાયુ જીવનશૈલી અને કોમ્પ્યુટર યુગમાં ૨૦૨૫ સુધીમાં આ રોગમાં ૨૫૦ટકાનો વધારો થવાની સંભાવના છે. દર ૧૦ માંથી ૨ વ્યક્તિ ડાયાબીટીસના લીધે આંખ ગુમાવે છે. ભારતમાં ૪ કરોડ વ્યક્તિઓ ડાયાબીટીસથી પીડાય છે. જયારે આંધપ્રદેશ તામિલનાડુમાં ડાયાબીટીસના દર્દીઓનુ પ્રમાણ વધુ છે. જયારે અમદાવાદ પણ ડાયાબીટીસની દ્રષ્ટીએ એ પી સેન્ટર બન્યુ છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના મતે ભારત ડાયાબીટીસનુ કેપીટલ છે. ડાયાબીટીસના દર્દીઓને થતી તકલીફમાં આંખમાં જામર થવાની સંભાવના પણ વધુ રહે છે. ડાયાબીટીસના દર્દીઓની સંખ્યા આગામી વર્ષ ૨૦૩૦ સુધી ૮ કરોડ સુધી પહોંચવાની સંભાવના છે. સે-સ્થિત તેજ આઇ સેન્ટરના ડો તેજલ દલાલે આ અંગે વધુ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે ડાયાબીટીસની સમસ્યાને લઈને સુગર ચેક કરવામાં આવે છે. પરંતુ આંખોનુ નિદાન કરાવતા નથી. ડાયાબીટીસના લીધે આંખમાં મોતિયો વહેલો આવે છે અને ઝડપથી વધે છે. જયારે ઝામર થવાની શક્યતા પણ આઠ ગણી વધી જાય છે. જયારે ડાયાબીટીક રેટિનોપેથીના લીધે પડદા પર સોજો આવે છે. લોહી ઘસી આવે છે પરંતુ શરૂઆતના તબક્કે જોવાની દ્રષ્ટી સંપુર્ણ ચોખ્ખી હોય છે ડેમેજના અંતે પણ દર્દીને ખબર પડતી નથી. જયારે ૩૦ ટકા વ્યકિતઓને ડાયાબીટીસ આંખમાં ઉતરે છે. અને આ પૈકી ૧૦ ટકા વ્યકિતઓ આંખ ગુમાવે છે. ડાયાબીટીસ થવાના ૫ વર્ષ પછી આ શક્યતા વધી જાય છે. ડાયાબીટીસથી આંખને થતી તકલીફો અંગે સમાજમાં જાગૃતિ આવે અને આમ નાગરિકોને જાણકારી આપી શકાય તેવા આશયથી તેજ આઇ સેન્ટર દ્વારા નવીન આઇ ચેકઅપ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ખાસ કરીને સુરક્ષા અને સલામતી માટે ખડેપગે ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ માટે વિશેષ કેમ્પનુ આયોજન કરવામાં આવ્યુ છે. અમદાવાદમાં આ માટે વિશેષ કેમ્પ ચાલી રહયો છે. તા ૧૩ ફેબ્રુઆરીથી ગાંધીનગરમાં પણ સે-૭ તેજ આઇ સેન્ટરમાં પોલીસ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનો માટે ખાસ કેમ્પ શરૂ કરાશે. આગામી એક મહીના સુધી આ કેમ્પ ચાલશે. જેમાં ડાયાબીટીસ તેમજ આંખનુ પણ વિનામુલ્યે ચેકઅપ કરવામાં આવશે. આ કેમ્પનો લાભ લેવા માટે તેજ આઇ સેન્ટરના ડો તેજલ દલાલે પોલીસ કર્મચારીઓ તેમજ તેમના પરિવારજનોને અપીલ કરી છે.

# વિધાનસભાના અધ્યક્ષ પદ માટે ૧૯મીએ ચૂંટણી યોજાશે

## ભાજપના રાજેન્દ્ર ત્રિવેદીનું નામ અધ્યક્ષપદે નક્કી ૧૯થી ૨૮મી ફેબ્રુઆરી દરમિયાન વિધાનસભાનું બજેટ યોજાશે : સત્ર તોફાની બની રહેવાની પ્રબળ સંભાવના

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણી તા.૧૯મી ફેબ્રુઆરીના રોજ યોજાનાર છે. વિધાનસભાના અધ્યક્ષની ચૂંટણીમાં ઝંપલાવવા ઈચ્છતા ઉમેદવારો તા.૧૭મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં વિધાનસભા સચિવાલયને પોતાની ઉમેદવારી અંગે વિધિવત્ જાણ કરી શકશે. હાલ ગુજરાત વિધાનસભાના પ્રોટેમ સ્પીકરની જવાબદારી ડો. નીમાબહેન આચાર્ય સંભાળી રહ્યા છે. જો કે, વિધાનસભાના નવા અધ્યક્ષ તરીકે વડોદરાના રાવપુરા બેઠકના ભાજપના ધારાસભ્ય રાજેન્દ્રભાઈ ત્રિવેદીનું નામ નક્કી મનાઈ રહ્યું છે. બીજીબાજુ, તા.૧૯મી ફેબ્રુઆરીથી તા.૨૮મી ફેબ્રુઆરી સુધી ચાલનારું વિધાનસભા બજેટ સત્ર તોફાની બને રહેવાની પૂરી સંભાવના છે.

ઉલ્લેખનીય છે કે, જયાં સુધી ગુજરાત વિધાનસભાના નવા અને કાયમી અધ્યક્ષની નિયુકિત ના થાય ત્યાં સુધી હાલ પ્રોટેમ સ્પીકર તરીકે ડો.નીમાબહેન આચાર્ય આ જવાબદારી સંભાળી રહ્યા છે. હવે તા.૧૯મી ફેબ્રુઆરીએ વિધાનસભા અધ્યક્ષની ચૂંટણી યોજાવાની છે પરંતુ ભાજપના ધારાસભ્ય રાજેન્દ્ર ત્રિવેદીનું નામ વિધાનસભા અધ્યક્ષપદે સૌથી આગળ છે અને લગભગ તે નક્કી જ છે. આજે ગૃહરાજય પ્રધાન પ્રદીપસિંહ જાડેજા અને રાજેન્દ્ર ત્રિવેદીએ રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલની મુલાકાત લીધી હતી.

## આતંકી હુમલો.... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હુમલો કરવામાં આવ્યાના ૫૫ કલાકથી વધુ સમય બાદ ભારતીય સેનાનુ ઓપરેશન જારી રહ્યુ છે. તમામ ત્રાસવાદીઓનો ખાતમો બોલાવી દેવામાં આવ્યા બાદ હજુ પણ સાવચેતીના પગલારૂપે કોમ્બિંગ ઓપરેશન ચાલી રહ્યુ છે. ક્લિનિંગ ઓપરેશનના ભાગરુપે સેનાએ લશ્કરી શિબિરના ખાલી આવાસી ક્વાર્ટરો ઉપર મોર્ટાર ઝીંક્યા હતા જેથી ત્યાં આગ લાગી ગઈ હતી. સુંજુવાન કેમ્પ હુમલામાં માર્યા ગયેલા તમામ ત્રાસવાદીઓ પાસેથી મોટી માત્રામાં ખાતક હથિયારો અને વિસ્ફોટકોનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ત્રાસવાદીઓ સામે જીવ સટોસટનો જંગ ખેલનાર અને મોડેથી પ્રાણોની આહુતિ આપનાર જવાનોની ઓળખ કરી લેવામાં આવી છે. બીજી બાજુ ત્રાસવાદીઓ હજુ હુમલાના મુડમાં છે. આર્મી કેમ્પ પર હુમલા બાદ જવાનો ઓપરેશનમાં વ્યસ્ત હતા ત્યારે જ ત્રાસવાદીઓએ સીઆરપીએફ કેમ્પ પર હુમલો કરી દીધો હતો. જેમાં છ જવાનો અને છ નાગરિકો ઘાયલ થયા હતા. આમા એક જવાન શહીદ થયો છે. આ હુમલો કરી ત્રાસવાદીઓ ફરાર થઈ ગયા હતા. ત્રાસવાદીઓને શોધી કાઢવા માટે હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી રહી છે. ત્રાસવાદી હુમલો કરવામાં આવ્યા બાદ જમ્મુ શહેરમાં રેડ એલર્ટની જાહેરાત કરવામાં આવી હતી. શનિવારે વહેલી પરોઢે ૪.૫૫ વાગ્યાની આસપાસ આ હુમલો કરવામાં આવ્યો હતો. સુરક્ષાના કારણોસર આસપાસની તમામ સ્કુલોને બંધ કરાવી દેવામાં આવી હતી. ત્રાસવાદી હિંસા જમ્મુ કાશ્મીરમાં વધી ગઈ છે. ઓપરેશન ઓલઆઉટ સેનાએ હાથ ધરીને ૨૦૦થી વધુ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા બાદ ત્રાસવાદીઓમાં ભારે દહેશત ફેલાઈ ગઈ છે.



**મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રપતિશ્રીની શુભેચ્છા મુલાકાત લીધી**

ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આજે દિલ્હી ખાતે ભારતના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદની શુભેચ્છા મુલાકાત લીધી. શ્રી રૂપાણીએ રાષ્ટ્રપતિ ભવન ખાતે આ મુલાકાત દરમ્યાન રાષ્ટ્રપતિશ્રીનું પુષ્પગુચ્છ આપી સન્માન કર્યુ હતું. શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી તરીકેનો સતત બીજીવાર પદભાર સંભાળ્યા બાદ રાષ્ટ્રપતિશ્રી સાથે તેમની આ પ્રથમ શુભેચ્છા મુલાકાત હતી.

# ગર્ગાચાર્ય વાહિની સંઘ આયોજિત મહિલા પ્રશિક્ષણ શિબિર સંપન્ન

અમદાવાદ, તા. ૧૨

ગર્ગાચાર્ય વાહિની સંઘ આયોજિત પ્રથમ મહિલા પ્રશિક્ષણ શિબીરનો પ્રારંભ સમાજકલ્યાણ વિભાગના નાયબ નિયામક શ્રીમતી નયનાબેન શ્રીમાળીએ આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમ ગોડિયાની ઉપસ્થિતિમાં કરાવ્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય પ્રદિપભાઈ પરમાર, મદદગાર સંસ્થાના પ્રકાશભાઈ ગુર્જર, ગિરીશભાઈ પરમાર, વડોદરાથી શ્રીમતિ ભાનુબેન શ્રીમાળી, સહાયક માહિતી નિયામક (નિ) ભાનુભાઈ દવે, શ્રીમતિ કાન્તાબેન પંડ્યા, જે.વી. શ્રીમાળી, એ.એમ. શ્રીમાળી, દિનેશભાઈ કોર્પોરેટર સહિત મોટી સંખ્યામાં બહેનો આંબેડકર હોલ સરસપુર-અમદાવાદ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. સરકારની મહિલાઓના સ્વાસ્થ્ય અને શસક્તિકરણ અંગે યોજનાઓની વિગતોથી મહિલાઓને માહિતગાર કરવામાં આવી હતી. આ પ્રસંગે ડૉ. આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના ચેરમેન ગૌતમભાઈ ગેડિયાનું વિવિધ સંસ્થાઓ-વરિષ્ઠ નાગરિકો તથા આ વિસ્તારના આગેવાનો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં સ્વાગત પ્રવચન પ્રમુખ શ્રીમતિ જાગૃતિબેન વોરા દ્વારા કરવામાં આવ્યું. સંસ્થાનો અહેવાલ મહામંત્રી રશ્મિકાબેન દ્વારા વાંચવામાં આવ્યો. આભારવિધિ કામિનીબેન શ્રીમાળીએ કરી હતી. ગર્ગાચાર્ય વાહિની સંઘ ટ્રસ્ટની તમામ મહિલા હોદ્દેદારોએ શિબીરને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

